> ૧૫ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ"ના અમલીકરણ માટે મંજૂરી આપવા બાબત...

# જાહેરનામું
## નં.૭૮૦/૨૦૨૧

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, તા.૦૮/૧૦/૨૦૨૧ના રોજ નવસારી ખાતે મળેલ સંચાલક મંડળની ૪૫મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર ૪૫.૨૩થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે ૧૫ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" આ સાથે સામેલ પરિશિષ્ટ–૨ (Appendix-45.23(i) to (iv)) ગાઈડલાઈન અને નીતિ નિયમો મુજબ શરૂ કરવા માટે સંચાલક મંડળ દ્વારા કાર્યોત્તર મંજૂરી આપવામાં આવે છે."**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/સં.મં./૪૫.૨૩/વેબ–૩૨/૨૦૨૧
નવસારી તા.૦૨/૧૧/૨૦૨૧

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :

૧. સંચાલક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારું.
૨. વિસ્તરણ શિક્ષણ પરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારું.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારું.

<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૨. કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું.
૩. કુલસચિવશ્રીની કચેરીમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટ શાખા તરફ (૫ નકલમાં) જાણ સારું.
૪. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ સારું.
૫. ઈનચાર્જ અધિકારી, ફર્ટીલાઈઝર ડીલર્સ પ્રમાણપત્ર અભ્યાસક્રમ, એગ્રો આઈ.ટી.આઈ., નકૃયુ, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારું.

# પરિશિષ્ટ–૨

**(Appendix-45.23(i))**

## ૧૫ દિવસીય
## "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ"
## યોજનાની ગાઈડલાઈન અને નિતિ નિયમો

• **પ્રસ્તાવના :**

ખેતી એ ભારત દેશના લોકોના મુખ્ય વ્યવસાય છે. આધુનિક ખેત ઉત્પાદનની સાથે સાથે તેની બજાર વ્યવસ્થા પણ એટલી જ મહત્વની છે. ખેડૂત જુદા જુદા માધ્યમ દ્વારા ખેતી વિષયક માહિતી મેળવે છે, જેમાં ફર્ટીલાઈઝરનું વેચાણ કરતાં ઇનપુટ ડીલર્સની ખાસ ભુમિકા હોય છે.

આપણા દેશમાં લગભગ ૩ લાખ જેટલા ઇનપુટ ડીલર્સનું નેટવર્ક છે, જે ખેડૂતો માટે ખેતીને લગતી સલાહ અને માર્ગદર્શનનો સ્ત્રોત પૂરવાર થાય તેમ છે. અભ્યાસના તારણ પરથી જણાયેલ છે કે ૯૦ ટકા ડીલરો કૃષિ વિષયક તાંત્રિક જ્ઞાન ધરાવતા હોતા નથી. તેઓ ફક્ત ઇનપુટના વેચાણ અને વપરાશ અંગે ખેડૂતોને ફક્ત પ્રાથમિક માહિતી પૂરી પાડે છે. વળી તેઓ મૂળભૂત રીતે વંશપરંપરાગત કે નવા તૈયાર થયેલ વ્યાપારી હોય છે તેથી ઘણી વખત તેમની પાસે ખેતી વિષયક પાયાનું જ્ઞાન, શિક્ષણ અને ઇનપુટ અંગેના નિયમોની જાણકારીનો અભાવ હોય છે. આથી જો આ ફર્ટીલાઈઝર ડીલરોને યોગ્ય તાલીમ આપવામાં આવે તો તે રાજ્ય અને રાષ્ટ્રની ખેતીના વિકાસમાં મહત્વનો ફાળો આપી શકે તેમ છે.

વધુમાં ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હીના તા. ૩૧ઓગસ્ટ, ૨૦૧૮ના પત્રમાં જણાવ્યા મુજબ ખાતરના વેચાણ માટેના લાઈસન્સ માટે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે ૧૫ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" શરૂ કરવાં જણાવેલ છે.

• **મિશન :**

તાલીમાર્થીઓને ખાતરના વેચાણ અંગે જરૂરી અદ્યતન સંકલિત પોષણ વ્યવસ્થાપનના શિક્ષણથી સજ્જ કરવા, જેથી તેઓ ખેડૂતોને માહિતી સભર સેવા આપી શકે.

• **હેતુઓ :**

૧) તાલીમાર્થીઓને સંકલિત પોષણ વ્યવસ્થા, જમીન વિજ્ઞાન, જમીન તંદુરસ્તી તથા ફર્ટીલાઈઝર ના વધુ વપરાશ તેમજ તેની આડ અસરો અંગે શિક્ષણ અને સમજ આપવી.

૨) ફર્ટીલાઈઝરને લગતા નિયમોથી વાકેફ કરવા.

૩) ખેડૂતભાઇઓ/બહેનોને સંકલિત પોષણ વ્યવસ્થા સંલગ્ન જાણકારી આપી શકે તેવા અસરકારક માધ્યમ-સ્ત્રોત તરીકે તૈયાર કરવા.

• **અભ્યાસક્રમના ફાયદા :**

૧) સંકલિત પોષણ વ્યવસ્થા અંગે જાણકારી અને માર્ગદર્શન આપવા સક્ષમ બને છે.

૨) જૈવિક ખાતર, સજીવ ખેતી અને જમીન ચકાસણી અંગે જાણકારી અને માર્ગદર્શન આપવા સક્ષમ બને છે.

- **<u>અભ્યાસક્રમની રૂપરેખા</u> :**

૧) તાલીમાર્થીઓને ઘનિષ્ઠ જાણકારી આપવા સારૂં જમીન, જમીનના ગુણધર્મો, સોઇલ હેલ્થ કાર્ડ તથા જમીન ચકાસણી વિષે સંપૂર્ણ અવગત કરાવવા.

૨) સંકલિત પોષણ વ્યવસ્થા વિષયક શિક્ષણ આપવામાં આવશે.

૩) વિસ્તાર અનુરૂપ કૃષિ પાકોની રાસાયણિક ખાતરોની જરૂરિયાત અંગે જાણકારી આપવામાં આવશે.

૪) વિશેષ કરીને રાસાયણિક ખાતર અધિનિયમ, રાસાયણિક ખાતરોનો સીમિત ઉપયોગ તથા વધુ પડતા રાસાયણિક ખાતરો ઉપયોગ કરવાથી થતી આડ અસરો અને તેના નિવારણ વિષયક જ્ઞાન તથા સમજ આપવામાં આવશે.

- **<u>અભ્યાસક્રમની પધ્ધતિ</u> :**

૧) તાલીમ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમા આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને/અથવા નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા સતત ૧૫ દિવસ દરમ્યાન ગોઠવવાની રહેશે. વર્ગખંડમાં શિક્ષણ દરમ્યાન દ્રશ્ય શ્રાવ્ય સાધનો, ચર્ચા ગોષ્ઠિ તથા લેબોરેટરી પ્રાયોગિક કાર્ય જેવી શિક્ષણ પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવશે.

૨) એક બેચમાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ની રહેશે અને પ્રતિ તાલીમાર્થી અભ્યાસક્રમની ફી રૂપિયા ૧૪,૦૦૦/- રહેશે.

૩) તાલીમાર્થીની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ રહેશે અને મેરીટના આધારે પસંદગી કરવામાં આવશે.

૪) તાલીમાર્થીની વય મર્યાદા ૧૮ થી ૪૫ વર્ષ હોવી જોઈએ.

૫) તાલીમનો સમયગાળો સળંગ ૧૫ દિવસનો રહેશે.

૬) તાલીમનું સ્થળ જે તે જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ઉપર અને/અથવા નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી નક્કી કરે તે સ્થળ રહેશે.

૭) તાલીમમાં ૪૦ તાલીમાર્થીઓની એક બેચ માટે થનાર અંદાજીત ખર્ચની વિગતો અને નિયમો આ સાથે સામેલ <u>પરિશિષ્ટ-૧</u> મુજબ રહેશે.

૮) અભ્યાસક્રમના હાજરી અને મૂલ્યાંકનના નિયમો <u>પરિશિષ્ટ-૨</u> મુજબ રહેશે.

૯) અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરેલા તાલીમાર્થીઓને આપવાના થતાં પ્રમાણપત્રનો ડ્રાફ્ટ <u>પરિશિષ્ટ-૩</u> મુજબ રહેશે.

૧૦) પ્રવેશ માટેનું અરજી પત્રક: <u>પરિશિષ્ટ-૪</u> મુજબ રહેશે.

૧૧) પ્રવેશ અંગેની શરતો અને નિયમો <u>પરિશિષ્ટ-૫</u> મુજબ રહેશે.

"સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ"

**નો અભ્યાસક્રમ**

સમયગાળો : ૧૫ દિવસ (૩૨ વ્યાખ્યાન + ૧૨ પ્રાયોગિક)

---

► **વ્યાખ્યાનનો વિષય અને વ્યાખ્યાનની સંખ્યા :**

| અ.નં. | વ્યાખ્યાનનો વિષય<br>(દરેક વ્યાખ્યાનનો સમય ૧ કલાક) | વ્યાખ્યાનની સંખ્યા |
|---|---|---|
| ૧ | આવશ્યક પોષક તત્વો અને પાક પોષણમાં તેમની ભૂમિકા | ૨ |
| ૨ | આવશ્યક પોષક તત્વોની ઉણપના ચિન્હો અને તેની અસરો | ૧ |
| ૩ | પોષક તત્વોની છોડની વૃદ્ધિ અને વિકાસ પર હાનિકારક અસરો | ૧ |
| ૪ | જુદા જુદા ખાતરોની ખાસિયતો, તેમાં રહેલ તત્વોનું પ્રમાણ, કાળજી, પરિવહન અને સંગ્રહ | ૨ |
| ૫ | ખાતરોમાં થતી ભેળસેળ | ૧ |
| ૬ | ખાતરની શુદ્ધતાની ચકાસણી માટે સરળ પધ્ધતિઓ | ૧ |
| ૭ | પાક ઉત્પાદનમાં છાણીંયુ ખાતર, લીલો પડવાશ, કંપોસ્ટ અને અળસિયાંના ખાતરનું મહત્વ | ૨ |
| ૮ | સેન્દ્રિય તથા કમ્પોસ્ટ ખાતરો તૈયાર કરવાની પદ્ધતિઓ | ૨ |
| ૯ | સજીવ ખેતી અને તેના ઘટકો | ૧ |
| ૧૦ | જૈવિક ખાતરોની અગત્યતા (રાઈઝોબીયમ, એઝોટોબેક્ટર, ફોસ્ફેટ સોલ્યુબિલિરાઇઝર્સ, એઝોસ્પિરિલમ, બ્લુ ગ્રીન આલ્ગી) તેમજ જૈવ નિયંત્રકો જેવા કે ટ્રાયકોડર્માનુ મહત્વ | ૩ |
| ૧૧ | જૈવિક ખાતરો: ઉત્પાદન અને જાળવણી | ૧ |
| ૧૨ | ભારત તથા ગુજરાતની જમીનોનું વિસ્તૃત વર્ણન | ૧ |
| ૧૩ | ખેતી તેમજ બાગાયતી પાકોમાં જમીન ચકાસણી માટે નમુના લેવાની પદ્ધતિ અને જમીન ચકાસણીનું મહત્વ | ૧ |
| ૧૪ | ક્ષારીય, ભાસ્મીક અને અમ્લીય જમીનનું સંક્ષિપ્ત વર્ણન | ૧ |
| ૧૫ | જમીનમાં પોષક તત્વોના આધારે વર્ગીકરણ, અગત્યના પાકો માટે પોષક તત્વોની ભલામણો તથા જમીન પરીક્ષણ આધારિત ખાતરની ભલામણો | ૨ |
| ૧૬ | રાસાયણિક, સેન્દ્રિય અને જૈવિક ખાતરો આપવાની પધ્ધતિઓ | ૨ |
| ૧૭ | જમીન ચકાસણી આધારિત ખાતરોની ભલમણો માટેના મીટરની (STFR) ઉપયોગીતા અંગે માહિતી | ૨ |
| ૧૮ | જમીન આરોગ્ય પત્રક: મહત્વ, જમીનનુંપરિમાણ અને ભલામણો | ૨ |
| ૧૯ | જમીન સુધારણા અને અગત્યના જમીન સુધારકો | ૧ |
| ૨૦ | કૃષિ અને જમીનનું સંરક્ષણ | ૧ |
| ૨૧ | F.C.O (ફર્ટીલાઇઝર કંટ્રોલ ઓર્ડર)- ૧૯૮૫ | ૨ |
| | કુલ વ્યાખ્યાન | ૩૨ |
| | કુલ કલાક | ૩૨ |

► <u>પ્રાયોગિક કાર્યનો વિષય અને પ્રયોગની સંખ્યા</u> :

| અ.નં. | પ્રાયોગિક કાર્યનો વિષય (દરેક પ્રયોગનો સમય ત્રણ કલાક) | પ્રયોગની સંખ્યા |
|---|---|---|
| ૧ | જમીન, છોડ, સેન્દ્રિય ખાતર અને રાસાયણિકખાતરોના નમુનાઓ લેવાની પદ્ધતિ અને તેનું પ્રોસેસીંગ કરવું. | ૨ |
| ૨ | STFR મીટર દ્વારા જમીન ફળદ્રૂપતાની ચકાસણી | ૧ |
| 3 | ખાતરમાં રહેલઅશુદ્ધિઓની ચકાસણી માટે ગુણાત્મક પરીક્ષણ | ૧ |
| ૪ | જમીન ચકાસણીના આધારે ખાતરની માત્રાની ગણતરી | ૨ |
| ૫ | ચૂના અને જીપ્સમની જરૂરિયાતો નક્કી કરવી | ૧ |
| ૬ | સૂક્ષ્મ પોષક તત્વો યુક્ત ખાતરો અને આપવાની પધ્ધતીઓ | ૧ |
| ૭ | પાણીની ગુણવત્તાની ચકાસણીઅને તેનુંઅર્થઘટન | ૧ |
| ૮ | ફોલીઅર સ્પ્રે કરવા માટે ખાતરોનું દ્રાવણ બનાવવાની પધ્ધતી | ૧ |
| ૯ | કમ્પોસ્ટ બનાવવાની પધ્ધતીઓ | ૧ |
| ૧૦ | કુદરતી સ્ત્રોતોનું સંરક્ષણનીટેકનોલોજી | ૧ |
| | કુલ પ્રયોગ | ૧૨ |
| | કુલ કલાક | ૩૬ |

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

(Appendix-45.23(ii))

## પરિશિષ્ટ-૧

### "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" યોજના હેઠળની તાલીમમાં ૪૦ તાલીમાર્થીઓની એક બેચ માટે થનાર અંદાજીત ખર્ચની વિગતો અને નિયમો

---

► અંદાજીત થનાર ખર્ચની વિગતો :

| અ.નં. | વિષય | ૪૦ તાલીમાર્થીની એક બેચ માટે કુલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧ | સ્ટેશનરી ચાર્જ, સ્ટડી મટિરીયલ્સ, પેન, પેડ, બેગ, રેકોર્ડ બુક, પ્રાયોગિક બુક અને સર્ટીફીકેટસ | ૧,૦૦,૦૦૦/- |
| ૨ | ઓફીસ એક્સપેંસીસ – ઈલેક્ટ્રીસીટી, ટેલીફોન, પોસ્ટેજ, પી.ઓ.એલ. અને ભાડેથી વાહન | ૨૪,૦૦૦/- |
| ૩ | ઓનોરેરીયમ (૩૨ લેક્ચર અને ૧૨ પ્રેક્ટીકલ કુલ ૪૪) ૫૦૦/- પ્રતિ લેક્ચર/ પ્રેક્ટીકલ | ૨૨,૦૦૦/- |
| ૪ | મહેનતાણુ<br>(અ) કોર્ષ કો-ઓર્ડીનેટર<br>(બ) તાલીમ સહાયક/વ્યવસ્થાપક(તાલીમ સંલગ્ન કામગીરી કરનાર સહાયક સ્ટાફ | <br>૩,૦૦૦/-<br>૫,૦૦૦/- |
| ૫ | ટ્રેનીગ સેન્ટર ફી ની રકમ | ૧,૦૦,,૦૦૦/- |
| ૬ | બ્રેક ફાસ્ટ, ટી, લંચ, ડીનર, રહેઠાણ સુવિધા વિગેરે (રૂ. ૪૦૦ પ્રતિ દિવસ પ્રતિ તાલીમાર્થી) | ૨,૪૦,૦૦૦/- |
| ૭ | કચેરીનો અન્ય પરચૂરણ ખર્ચ (ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી અને બેનર વગેરે) | ૬,૦૦૦/- |
| ૮ | તાલીમ ખંડનુ ભાડુ (સરદાર કૃષિકાર ભવનનો મીટીંગ હોલ) | ૬૦,૦૦૦/- |
| | કુલ | ૫,૬૦,૦૦૦/- |

► **ફી ની આવક અને ખર્ચ સબંધી નિયમો :**

૧. ટ્રેનીગ સેન્ટર ફી ની રકમ અને બચત રહેલી રકમ તાલીમ આપનાર કેન્દ્ર/સંસ્થાના વિકાસ કાર્યો માટે વપરાશ કરવામાં આવશે.

૨. કોર્ષ કોર્ડીનેટર ઉપરોક્ત સબ હેડમાં ૨૦ ટકા સુધી ફેરફાર કરી શકશે.

૩. ઉપરોક્ત સબ હેડનો ખર્ચ તાલીમમાં આવેલ તાલીમાર્થીની સંખ્યાના સપ્રમાણમાં કરવાનો રહેશે.

-:-:-:-:-:-:-:-:-:-:--:-:-:-:-:-:-

# પરિશિષ્ટ-૨

## "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" અભ્યાસક્રમના હાજરી અને મૂલ્યાંકનના નિયમો

૧. "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતાં દરેક તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૭૫% હાજરી જરૂરી રહેશે.

૨. માંદગી સબબ તાલીમાર્થી ૭૫% હાજરી પૂરી કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં તાલીમાર્થી માંદગી સબબનું રજીસ્ટર્ડ તબીબી અધિકારીશ્રીનું પ્રમાણપત્ર તાલીમ કેન્દ્રને રજૂ કરે તો ૧૦% સુધીની ખુટતી હાજરીમાં છુટ તાલીમ કેન્દ્રના વડાને મંજૂરી આપવાની સંપૂર્ણ સત્તા રહેશે. આમ છતાં ખૂટતી હાજરીને કારણે જે તાલીમાર્થી અંતિમ પરીક્ષા આપી શકે નહી તેણે ત્યાર પછીની બેચમાં નવેસરથી વધારાના તાલીમાર્થી તરીકે સ્વખર્ચે તાલીમ પૂર્ણ કરવાની રહેશે.

૩. દરેક તાલીમ વર્ગમાં એક આંતરિક અને એક અંતિમ કસોટી લેવામાં આવશે. જેમાં આંતરિક કસોટી તાલીમ દરમ્યાન અને અંતિમ કસોટી તાલીમ વર્ગના અંતિમ દિવસોમાં લેવામાં આવશે.

૪. માંદગી અથવા તો કોઈ ખાસ અનિવાર્ય કારણો સિવાય તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો તે તાલીમાર્થીની પાછળથી પરીક્ષા લેવામાં આવશે નહી, જો કે માંદગી સબબ અથવા ખાસ અનિવાર્ય પ્રકારના કારણોથી તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો તે તાલીમાર્થીની પરીક્ષા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની મંજૂરી મેળવ્યા બાદ લેવામાં આવશે.

૫. તાલીમાર્થીઓને અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરવા ઓછામાં ઓછા કુલ ૪૫ % ગુણ મેળવવાના રહેશે.

૬. જે તે તાલીમ વર્ગમાં નાપાસ થનાર તાલીમાર્થીઓની ફરીથી પરીક્ષા લેવામાં આવશે નહી, પરંતુ ત્યાર પછીની બેચની પરીક્ષામાં તેઓએ પરીક્ષા આપવાની રહેશે. આ પ્રમાણે તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવાની કુલ બે તક આપવામાં આવશે જો બીજી વખત પણ પાસ ના થાય તો પરીક્ષા ફરીથી લેવામાં આવશે નહી.

૭. તાલીમાર્થીઓનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવશે.

| ક્રમ | વિગત | માર્કસ |
|---|---|---|
| ૧ | આંતરિક કસોટી | ૨૦ |
| ૨ | એસાઈમેંટ બુક | ૨૦ |
| ૩ | પ્રેક્ટિકલ બુક | ૧૦ |
| ૪ | અંતિમ કસોટી | ૫૦ |
| | કુલ | ૧૦૦ |

૮. ઓછામાં ઓછા ૨૦ તાલીમાર્થીઓએ તાલીમમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તો જ તાલીમ શરૂ કરવામાં આવશે.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

**(Appendix-45.23(iii))**

<u>પરિશિષ્ટ-3</u>

"સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ"
અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરેલા તાલીમાર્થીઓને આપવાના પ્રમાણપત્રનો નમૂનો

---

# Navsari Agricultural University
# Navsari-396450

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## CERTIFICATE

This is to certify that Shri/Smt................................................................................................ has successfully completed the prescribed programme of 15 day duration in *"Certificate Course on Integrated Nutrient Management for Fertilizer Dealers"* organized by DEE/KVK ............, Navsari Agricultural University, Navsari during the year ................ in the .........batch. The candidate has secured ...........percentage and is awarded this certificate.

Registration No.:................ Place:....................... Date:..........................

**Course Co-ordinator** **Director of Extension Education**

7

**(Appendix-45.23(iv))**

## પરિશિષ્ટ-૪

### ૧૫ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" માટે અરજી પત્રકનો નમૂનો

---

વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**• અરજી પત્રક •**

Passport size photo

૧. ઉમેદવારનું પુરેપુરૂ નામ :..............................................................
(અટક પહેલી લખવી)

૨. પિતા/વાલીનું પુરેપુરૂ નામ : ..............................................................

૩. કાયમી સરનામુ : ..............................................................
..............................................................

મોબાઈલ નંબર : .............................................. ફોન નં : ..............................................

ઈ-મેઈલ : ..............................................................

૪. હાલનું સરનામું..............................................................

૫. ઉમેદવારના વતનના જીલ્લાનું નામ : ..............................................................

૬. જન્મ તારીખ (આંકડા તથા શબ્દોમાં) : ..............................................................

૭. શૈક્ષણિક લાયકાત : ધોરણ - ૧૨ પાસ કર્યાનું વર્ષ : ..............................................
ધોરણ - ૧૨માં મેળવેલ કુલ ટકા : ..............................................

૮. જંતુનાશાક/રા.ખાતરનું લાયસન્સ નંબર (જો ધરાવતા હોય તો) : ..............................................

૯. એગ્રો સેન્ટર/દુકાન/ પેઢીનું નામ અને સરનામું (જો ધરાવતા હોય તો) : ..............................................
..............................................................

**અરજીપત્રક સાથે સામેલ કરવાની વિગતો :**

૧. શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ
૨. એચ.એસ.સી. પરીક્ષાની ગુણપત્રકની પ્રમાણિત નકલ
૩. તાલીમ લેનારનું આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ

**બાંહેધરી**

જો મને પ્રવેશ આપવામાં આવશે તો, હું બાંહેધરી આપુ છું કે જે કોઈ નિયમો કે કાયદા કાનુન કેન્દ્રના સંચાલન માટે હાલ અમલમાં હોય અથવા ભવિષ્યમાં કરવામાં આવે એ બધા નિયમોનું હું કેન્દ્રનો તાલીમાર્થી હોઉ ત્યાં સુધી ચુસ્તપણે પાલન કરવા બંધાઉ છુ. કેન્દ્રના નિયમિત સંચાલનને કે શિસ્તને બાધ આવે તેવું કોઈપણ કાર્ય હું કેન્દ્રની અંદર કે બહાર કરીશ નહી. આ અરજીપત્રકમાં મે ભરેલ તમામ વિગતો સાચી છે તેની હું બાહેધરી આપુ છું.

સ્થળ : ..............................................

તારીખ : .............................................. **તાલીમાર્થીની સહી : ..............................................**

# પરિશિષ્ટ-૫

## "સર્ટીફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" માટે પ્રવેશ અંગેની શરતો

---

## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**તા. ...................... થી તા..................... દરમ્યાન યોજાનાર ૧૫ દિવસીય સર્ટીફિકેટ કોર્ષ "ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" માં પ્રવેશ અંગેની શરતો**

૧. ઉમેદવારની ઉંમર જાહેરાતની તારીખના રોજ ૧૮ થી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.

૨. ઉમેદવારને ૧૨ પાસના ગુણના આધારે પ્રવેશ આપવામાં આવશે. જો ગુણ સરખા હશે તો જેની ઉંમર વધુ હશે તેની પસંદગી કરવામાં આવશે.

૩. નિયત નિયમોનુસાર પસંદ થયેલ ઉમેદવારે રૂબરૂ મુલાકાત સમયે એચ.એસ.સી. પરીક્ષાનું ગુણપત્રક, સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ, આધાર કાર્ડ, ચુટણી કાર્ડ વગેરે અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. તેમજ પસંદગી પામેલ ઉમેદવારે ત્રણ દિવસમાં ફીની રકમ પેટે રૂ. ૧૪,000/- ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાના રહેશે. રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ "Assistant Extension Educationist (AEE), DEE, Navsari" ના નામનો આપવાનો રહેશે. રૂબરૂ મુલાકાત સમયે પોતાના ખર્ચે આવવાનું રહેશે.

૪. પસંદગી પામેલ ઉમેદવારે તાલીમના પ્રથમ દિવસે જ હાજર થવાનું રહેશે. ઉમેદવાર હાજર ન થાય તો પ્રતિક્ષાયાદીમાં અગ્રતાક્રમ મુજબના ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. તેમજ ભરેલ ફી કોઈ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી.

૫. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના કાર્યક્ષેત્રમાં આવતા નવસારી, સુરત, તાપી, વલસાડ, ડાંગ, ભરુચ અને નર્મદા જિલ્લાઓના જ ઉમેદવારો અરજી કરી શકશે.

૬. આ કોર્ષ પંદર દિવસનો કુલ ટાઈમનો રહેશે અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી અને/ અથવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાશે.

૭. અભ્યાસક્રમનો સમય સવારના ૦૯.૩૦ કલાક થી સાંજના ૧૭.૩૦ કલાક સુધી રહેશે.

૮. પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૭૫% હાજરીની જરૂરીયાત રહેશે. પરંતુ માંદગી તેમજ ખાસ કીસ્સાઓમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી આધાર પુરાવાઓ ધ્યાને લઈ ખુટતી હાજરી બાબતે છુટછાટ આપી શકશે.

૯. પ્રવેશ અંગેની અરજી તા. ......./......../૨૦૧૯ સુધીમાં અચૂક મોકલી આપવી. મોડી આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

સ્થળ : .....................................

તારીખ : ................................... **તાલીમાર્થીની સહી**...................................................